ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૪-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### અમેઠીમાં રાહુલ-પ્રિયંકાનો દબદબો

જાહેરનામું બહાર પડતાંની સાથે પોતાની પારિવારીક બેઠક પર સપરિવાર ઉમેદવારી કરવા પહોંચી ગયેલા રાહુલ ગાંધીનું એરપોર્ટથી કલેકટર ઓફિસ સુધીના ચાલીસ કિલોમીટર લાંબા રસ્તા પર જે ભવ્ય સ્વાગત થયું તે વડોદરાની પ્રજાએ વડાપ્રધાનપદના ભાજપના ઉમેદવારનાં ઓવારણાં લીધાં એની યાદ અપાવે એવું હતું, બલકે એથી પણ વધુ પ્રભાવક. મોદીના નામાંકનમાં સ્પષ્ટ 'મેનેજમેન્ટ' દેખાતું હતું જયારે રાહુલના સ્વાગતમાં ઉમટેલી ભીડ સ્વયંભૂ હતી અને વનવાસથી પાછા ફરેલા રામચંદ્રની જેમ એ સૌનું અભિવાદન ઝીલી રહ્યા હતા. ફરક એટલો કે અમેઠીના રાજકુમાર કુંવારા હોઈ એમની પડખે પત્નીની જગ્યાએ ભગિની હતી. નરેન્દ્ર મોદીનો રોડ શો કીર્તિ સ્તંભથી લાલ કોર્ટ (કોઠી કચેરી) સુધીના બે કિલોમીટર પૂરતો હતો, જેમાં આખું શહેર ઓલેઝોલે હતું. એની સામે ઉત્તરપ્રદેશના અંતરિયાળ ગ્રામીણ પંથકમાં પૂરા ચાલીસ કિ.મી.નો માર્ગ ગુલાબની પાંખડીઓથી છવાયેલો રહ્યો હતો અને હૈયે હૈયું દળાય એવી ભારે જનમેદની રાહુલ ભૈયા, સોનિયા મૈયા અને પ્રિયંકા દીદીને જોવા ઉમટી પડી હતી. પંડિત જવાહરલાલ નહેરૂના રજવાડા જેવો ફુલપુર-સુલતાનપુર-રાયબરેલી અને અમેઠીનો ગ્રામીણ પંથક નહેરૂ-ગાંધી પરિવાર માટે પોતાનું ઘર બની રહેલ છે. પ્રિયંકા છેલ્લી કેટલીય ચૂંટણી દરમિયાન અમેઠી અને રાયબરેલીની ભૈયા અને મૈયાની બેઠકો સાચવતાં રહ્યાં છે. આ વિસ્તાર માટે એ 'બિટિયા રાની' છે. લાગણીના આવા સંબંધોથી બંધાયેલ હોઈ અહીં બીજા પક્ષોની હવા કે દવા ચાલી શકતી નથી. સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહ યાદવ તો આ બેઠકો પર એમના ઉમેદવારો ઉતારતાં જ નથી. ભાજપના ઉમેદવારો અહિં ચિત્રમાં જ નથી હોતા. ગઈ ચૂંટણી વખતે રાહુલ ગાંધી વિરૂદ્ધ ચાર લાખ કરતાં વધારે અંતરથી હારેલ ઉમેદવાર બહુજન સમાજવાદી પાર્ટીનો હતો. આ વખતે રાહુલ સામે આમ આદમી પાર્ટીના કુમાર વિશ્વાસ અને ભાજપનાં સ્મૃતિ ઈરાનીએ પડકાર ફેંક્યો છે, પરંતુ રાહુલ એમની જીતના મુદ્દે પૂરેપૂરા આશ્વસ્ત છે. પ્રિયંકા જ એમની બેઠક સંભાળી લેવાનાં છે કારણ કે એ પોતે તો દેશભરમાં ચૂંટણી પ્રચાર કરવામાં વ્યસ્ત રહેશે. પ્રિયંકાએ વિરોધી ઉમેદવારો વિશે પૃચ્છા કરાતાં તેમના ખંજનમય લાસ્ય અને હાસ્ય સાથે સરસ જવાબ આપ્યો હતો. 'એ લોકો અમારા ઘરમાં પળ બે પળનાં મહેમાન થઈને આવ્યા છે, એમનું પર્યટન સુખદ રહે એવી શુભેચ્છા!' ટૂંકમાં બટકબોલા કવિજીવ કુમાર વિશ્વાસને કે ટીવી પરદાની વહુ તરીકે ઓળખાતાં મોદીજીનાં માનીતાં સ્મૃતિ ઈરાનીને રાહુલ-પ્રિયંકા ગણતરીમાં જ લેતા નથી કારણ કે આખા વિસ્તારની પ્રજા સાગમટે એમની તરફેણમાં છે. કુમાર વિશ્વાસ છેલ્લા એકાદ મહિનાથી અમેઠી વિસ્તારમાં અંડિગો લગાવીને બેઠા છે અને ત્યાં વિકાસનાં કામો નહીં થયાં હોવાનાં રોદણાં રોયા કરે છે પરંતુ રાહુલના પિતરાઈએ એમની બેઠક સુલતાનપુરની પ્રજા સમક્ષ કબૂલ્યું હતું કે રાહુલ ગાંધીએ જેવો અમેઠીનો વિકાસ કર્યો છે તેવો વિકાસ હું મારા મતવિસ્તારનો કરીશ. ભાજપના યુવાન નેતા વરૂણ ગાંધીના આ નિવેદનથી પક્ષ વિસામણમાં મુકાઈ ગયો હતો. ખુદ મેનકા ગાંધીએ ચોખવટ કરવી પડી હતી કે અમેઠીથી વરૂણ અજાણ છે એણે પ્રત્યક્ષ જોયા વગર આવું નિવેદન ન કરવું જોઈએ. પ્રિયંકાએ વરૂણ ખોટા રસ્તે હોવાની રજૂઆત કરતાં મેનકા ગાંધી બગડી બેઠાં છે. પરિવારવાદમાં વિખવાદ ઊભો કરવામાં સફળ બનેલ ભારતીય જનતા પાર્ટી માટે વરૂણ ગાંધી એક અસ્કામત પણ છે અને જવાબદારી પણ. એક વાત નક્કી કે નહેરૂ ગાંધી પરિવાર ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે અને રાહુલ ગાંધી ભલે મોડા તો મોડા પણ હવે કેડ બાંધીને કોંગ્રેસને ચૂંટણીની વૈતરણી પાર કરાવવા પૂરી તાકાત સાથે કૂદી પડ્યા છે; વળી મોદીની જેમ એમને બે બેઠકો પરથી લડવાની જરૂર નથી પડી. સોનિયા ગાંધીએ પ્રિયંકા નામનો હુકમનો એક્કો હજી અકબંધ સાચવી રાખ્યો છે. કોંગ્રેસનો પ્રભાવ ઓસરતો વરતાશે ત્યારે પ્રિયંકા રાજકારણમાં ઈન્દિરા ગાંધીના ઝનૂન સાથે પદાર્પણ કરશે, પણ તે માટે હજી થોભો અને રાહ જુઓની નીતિ અમલમાં મુકાઈ હોય એવું લાગી રહ્યું છે. ભારતીય રાજકારણનાં કેન્દ્રમાં નહેરૂ ગાંધી પરિવાર એવો મજબૂત જનાધાર ધરાવે છે કે આગામી બે દાયકાઓ સુધી એને હચમચાવવો અઘરો છે. રાહુલ-પ્રિયંકા પાસે હજી લાંબુ ભવિષ્ય છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય.







## સાબર કોલેજમાં વાર્ષિકોત્સવ યોજાયો

ચિલોડા-હિંમતનગર માર્ગ પર સ્થિત સાબર મહિલા કોલેજ ખાતે વાર્ષિકોત્સવ અને વિદ્યાર્થીનીઓના સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ચિલોડા-હિંમતનગર માર્ગ પર મજરા પાસે આવેલ સાબર મહિલા કોલેજમાં આજે સંસ્થા દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે નીતા શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા અને ઉપસ્થિત મહાનુભાવો અને વાલીગણને મંત્રમુગ્ધ કર્યા હતા. ઉપરાંત વર્ષ દરમિયાન કોલેજમાં ચાલતી અનેક સ્પર્ધાઓ અને પ્રવૃત્તિમાં અવ્વલ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીનીઓ તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમમાં ભાગ લેનાર સ્પર્ધકોને ઈનામ અને સ્કોલરશીપ આપી સન્માનીત કરવામાં આવી હતી. આ સમગ્ર વાર્ષિકોત્સવનું સફળ સંચાલન વિદ્યાર્થીની શિવાંગી ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. (સંજય રાવલ, પ્રાંતિજ)



૧૧ એપ્રિલ શનિવારે એ.એફ.એસ. (ઈન્ટર કલ્ચરલ પ્રોગ્રામ ઈન્ડીયા) દ્વારા ગ્લોબલ યુથ સર્વીસ ડે અંતર્ગત સેકટર-૧૯ સ્થિત એચઆઈવી પીડીત બાળકો સાથે એક સાંજ વીતાવી હતી. જ્યાં તેઓને ફિલ્મ શો બતાવવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## પેથાપુર પોલીસે નાસતા ફરતા બુટલેગરની અટકાયત કરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીકના બાલવા-વાસણીયા મહાદેવ માર્ગ પર વીસ દિવસ અગાઉ સેન્ટ્રો કારમાંથી અકસ્માતને લીધે રૂ. ૧૨,૦૦૦નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો અને પોલીસે એકની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી હતી. જેમાં મુખ્ય બુટલેગરની ઓળખ થતા પેથાપુર પોલીસે આજે ટ્રાન્સફર વોરંટના આધારે આરોપી બુટલેગરની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર અંદાજે ૨૦ દિવસ અગાઉ બાલવા-વાસણીયા મહાદેવ માર્ગ પર સેન્ટ્રો કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સેન્ટ્રો કારમાંથી રૂ. ૧૨,૦૦૦ની કિંમતનો દારૂનો જથ્થો છુપાયેલો હતો. આથી પેથાપુર પોલીસે બનાવ સ્થળેથી દારૂના જથ્થા સાથે એક શખ્સ ચિરાગ જોષીની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી હતી. જેમાં આ દારૂનો જથ્થો અમદાવાદના રામોલ ખાતે રહેતા સુનીલ ઉર્ફે કચોરી રામજીવન ખટીકનો હોવાનું બહાર આવ્યું હતું. આથી પેથાપુર પોલીસે આરોપી બુટલેગરની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન પેથાપુર પોલીસને માહિતી મળી હતી કે સુનીલ હાલ એક દારૂના કેસમાં સાબરમતી જેલમાં છે. આથી પેથાપુર પોલીસે આજે ટ્રાન્સફર વોરન્ટના આધારે આરોપી સુનીલ ખટીકને પેથાપુર પોલીસમથક લઈ આવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ડભોડામાં હનુમાન જયંતિની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૩

પ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિના પાવન પ્રસંગેહનુમાનદાદાની ૧૫૧ કિલોની કેક કાપી ઉજવણી કરવામાં આવશે. વિવિધ કાર્યક્રમો યોજાશે.

ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે આવેલ ડભોડિયા હનુમાન મંદિરે ભવ્યાતિભવ્ય જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે. પાવન પ્રસંગે સવારે ૫-૦૦ કલાકે દાદાનો મારૂતિ યજ્ઞ, ૯-૦૦ વાગે ૭૦૧ તેલના ડબાથી અભિષેક ત્યાર બાદ સમગ્ર ડભોડા ગામમાં દાદાની શોભાયાત્રા નિકળશે.

ડભોડા હનુમાન દાદાના મંદિરે દૂરદૂરથી ભકતો દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આ વખતે ૧૫૧ કિલોની દાદાના જન્મ દિવસની કેક મુખ્ય આકર્ષણ રહે છે. આ કેક વલાદના અંબિકા ગૃપ દ્વારા અર્પણ કરવામાં આવી છે. જન્મ જયંતિને અનુલક્ષીને મંદિર ટ્રસ્ટ દ્વારા બહારથી આવતા ભકતો માટે રહેવાની અને જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હનુમાન દાદાની જન્મ જયંતિની ઉજવણીમાં ભાવી ભકતોને દર્શનનો લાભ લેવા જણાવવામાં આવ્યું છે. આ દિવસે યોજાનાર કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા ડભોડિયા હનુમાન દાદા ટ્રસ્ટી પરિવાર દ્વારા જણાવાયું છે.

### જે.સી.આઈ. સંસ્થા મહિલાઓ માટે સ્પર્ધા યોજશે

શહેરીની જે.સી.આઈ. સંસ્થા દ્વારા મહિલાઓ માટે મહેંદી, રંગોલી, આરતી, સલાડ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬ એપ્રિલ, મંગળવાર, બપોરે ૧૨ થી ૩ વાગ્યા દરમિયાન કલ્પવૃક્ષ લર્નીંગ સેન્ટર સે. ૨૫ જી.આઈ.ડી.સી. ખાતે યોજાનાર સ્પર્ધાનું રજીસ્ટ્રેશન તા. ૧૫ એપ્રિલના રોજ કરાવવાનું રહેશે. ભાગ લેવા ઈચ્છુક મહિલાઓએ મિતાલી ત્રિવેદી-૯૯૨૪૦૩૦૬૬, ફાલ્ગુની ભાવસાર-૯૪૨૮૦૫૦૨૬૨ અને દિશા દેસાઈ-૭૬૦૦૦૫૭૨૦૧૫૨ રજીસ્ટ્રેશન કરાવવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

### હરિની દૃષ્ટિ...



એ તો હું છું... ભૂતનાથ રીટર્ન્સ જોઇને આવું છું...

### વંદન વ્હાલા ભીમને....

સજોગો હતા વિકર, માનવ-માનવ નહીં,
બન્યા તારણહારક વંદન મહમાનવ ભીમને...
નાવ હતી મઝધાર, ઘુઘવતા સમુંદરો,
ઉતાર્યા ભવ પાર, વંદન ખેવૈયા ભીમને...
રૂઢિવાદનો ભરડો, ભારોભાર અજ્ઞાન,
ભણાવ્યા સૌને પાઠ, વંદન વિધ્વાન ભીમને...
સ્વતંત્રતા સ્વમાનતા, બંધુતાને કાજ,
ન જોયા દિવસ કે રાત, વંદન ભડવીર ભીમને...
વિષ હડધૂતના કોણ પીએ?
કાળીંગાને વ્હેરનાર, વંદન દુલારા ભીમને...
ભીને સૂઈ પોતે સુકે સુવાડયા બાપ,
નોંધારાના આધાર, વંદન બાબા ભીમને...
યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનીર્ભવતી ભારત,
અગીયારમો અવતાર, વંદન યુગપુરૂષ ભીમને...
વંદન તારા નામને, વંદન તારી હામને,
વંદન તારી કલમને, વંદન તારી કમાલને...
વંદન તારા તેજને, વંદન તારી આંગળીને,
વંદન તારા લલાટને, વંદન તારી માંગણીને...
શત્ શત્ પ્રણામ, કોટી કોટી વંદન...

- પ્રવીણ શ્રીમાળી

## રાજય અને કેન્દ્ર સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગની યોજનાઓનો લાભ સાચા લાભાર્થીઓને કેવી રીતે મળે તેનો વિચાર સતત થાય

મહિલા સમાજ અને કાયદો - અંક-૩૯

ડૉ. ભાવના કે. જોશીપુરા

સુરેશની વારતની આપણે ચર્ચા કરી રહ્યા હતા. સુરેશે માત્ર ગરીબાઇને કારણે આંગળીયા લૂંટમાં સામેલ થયો હતો. સુરેશ માતાપિતાનો કજીયો રોજ સાંભળતો હતો. સુરેશને માતાની બિમારી પણ સહન થતી ન હતી. સુરેશે માત્ર માતાની બિમારીના ઇલાજ માટે પૈસા મળી જાય તે હેતુ આંગળીયા લૂંટમાં આરોપી સાથે જોડાયો હતો તેવી કબૂલાત પોલીસ સમક્ષ આપી.

સુરેશ ખાસ ગૃહમાં રોજે રોજ નવી કવિતાઓ લખતો. અમારા આશ્ચર્ય વચ્ચે સુરેશને હિન્દી અને સામાન્ય ઉર્દુનો પણ ખ્યાલ હતો. સુરેશ તેના માતાપિતાને મળવા આતુર હતો. પરંતુ ભાગ્ય જોગે એવું બનેલું કે સુરેશ આંગળીયા લૂંટમાં પકડાયો તેવું સાંભળીને માતાએ તુરત જ પ્રાણ છોડી દીધા. થોડા સમયમાં પિતાનું પણ અવસાન થયું. સુરેશના કાકા સુરેશને છોડાવા માટે ખાસગૃહની મુલાકાતે જતાં સુરેશના જાનની સલામતી નહીં હોય સુરેશ ખાસ ગૃહની બહાર ન નીકળ્યો, આ બધી વાત તો ચાલતી રહી પરંતુ એક વાત એવી સ્પષ્ટ જણાઇ કે સુરેશ કોઇ રીઢો ચોર ન હતો. સુરેશ એ લલચાઇ અને ફોસલાઇને ખોટી ટોળકી સાથે જોડાઇ ગયેલો. સુરેશ તો ખાસ ગૃહમાં ભણવા પણ મંડ્યો.

બાળકોમાં થતી ગુનાખોરી અને બાળકો કઇ રીતે કાયદાના સંઘર્ષમાં આવે છે તે પણ એક વિચારવા જેવી બાબત છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આમાં ઘણુંબધું કરી શકે તેમ લાગે છે. બાળ પોલીસ એકમ અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી સુરેસ આજ સન્માનભેર જીંદગી જીવી રહ્યો છે.

હવે આપણે સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા ઉપર આવીએ, તો મૂળભૂત રીતે હાર્દ જોવા જઇએ તો સ્વૈચ્છિક સંગઠનાની ભૂમિકાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે હવે સ્વૈચ્છિક સંગટના એટલે શું અને તેના આજે કેવા અને કયા કયા સ્વરૂપો અસ્તિત્વમાં છે તેની જાણકારી પણ સૌ માટે રસપ્રદ અને પ્રસ્તુત બની રહેશે.

***કલમ-૩૯ સંદર્ભે સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકાનું વર્ગીકરણ***

(૧) **GRO** ગ્રાસ રૂટસ ઓર્ગેનાઇઝેશન : જેનો પ્રજા સાથે સીધો અને પ્રત્યક્ષ સંબંધ છે તેણે સામુદાયિક સંપર્ક **Community Contect** દ્વારા આપત્તિઓ અને વિમાની જાણકારી તથા વિમાનાં લાભો અંગે વિવિધ સ્તરે જાણકારી આપવી ઘટે.

(૨) **PVO** પ્રાયવેટ વોલન્ટરી ઓર્ગેનાઇઝેશન : પોતાનાં લાભાર્થીઓ અને સભ્યોને વિમા કવચમાં સાંકળવાનો પ્રયત્ન કરવા સાથે જાગતિ આણવી જોઇએ.

(૩) **VO - NGO** સ્વૈચ્છિક સંગટનાઓ તથા બીન સરકારી સંગઠનોએ પોતાની જે ક્ષેત્રમાં પ્રવૃત્તિ ચાલતી હોય ત્યાં આપતી વ્યવસ્થાપન તથા વિમા અંગે જાણકારી આપી શકાય.

(૪) **VDO** વોલેન્ટરી ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન : જેના દ્વારા જે ક્ષેત્રમાં માળખાગત સુવિધા કે અન્ય ક્ષેત્રોમાં વિકાસ સંબંધી પ્રવૃતિ.

(૫) **CBO** કોમ્યુનીટી બેઇઝડ ઓર્ગેનાઇઝેશન : ખાસ કરીને જ્ઞાતિ, આર્થિક સમુહ કે વર્ગો જેમ કે શ્રમીકો, મહિલાઓ, કર્મચારીઓ, વેપારીઓ વગેરે જે અલગ અલગ વર્ગો છે તેમાં પણ વિમાક્ષેત્રે જાગૃતિ લાવવા માટે પ્રત્યેક વર્ગનાં સંદર્ભમાં ખુબ જ પાયાનું અને નક્કર કાર્ય થઇ શકે.

(૬) **PBO - Proffesional Business Organization :** વકીલો, ડોકટરો, વ્યાપારીઓ, બિલ્ડરો તેમજ અન્ય વ્યવસાયિક સંગઠનો પણ પોતાનાં વ્યવસાય જુથોમાં કામગીરી દ્વારા શ્રેષ્ઠ પરિણામો લાવી શકે.

***કલમ-૩૯ સંદર્ભે પુનઃસ્થાપન અને કલ્યાણ વિષયક પ્રવૃતિઓના વિવિધ આયામો :***

(૧) શહેરી રહેણાંક વિસ્તારમાં સામુદાયીક જાગૃતિ કાર્યક્રમોનું આયોજન.

(૨) આર્થિક પછાત વિસ્તારો અને દુરસ્થ ઝુંપડપટ્ટીઓમાં બાલ સંસ્કાર કેન્દ્ર, બાલ શિક્ષણ, અને બાલ પ્રશિક્ષણ વર્ગોનું આયોજન.

(૩) કાયદાકીય જાગૃતિ આવે તે મારે પરિવાર સંપર્ક.

(૪) સરકાર દ્વારા પ્રસ્થાપિત યોજનાઓની જાણકારી આપવી.

(૫) બાળકોમાં તેને સમાજના મુખ્ય પ્રવાહમાં આવે તે માટે પ્રેરણાત્મક અભિગમના માધ્યમથી અભ્યાસ સંબંધી સ્પર્ધાઓ, જાગૃતિ પ્રેરક સ્પર્ધાઓ, રાષ્ટ્રભક્તિ પ્રેરીત કાર્યક્રમો, સામાજિક મંગળ પ્રસંગો જેવા કાર્યક્રમો અને પ્રકલ્પોનું આયોજન કરી શકાય.

(૬) સમાજ જીવનમાં રહેલા દાતાઓ અને શ્રેષ્ઠીઓને આશ્રય ગૃહો અને બાળ ગૃહોમાં સંપર્કમાં લાવી શકાય.

(૭) સમાજશાસ્ત્રીઓ, મનોચિકિત્સકો, સંગીતકારો, કલાવિદો, શિક્ષણવિદો વગેરેનું નિયમિત સમયાંતરે આવા ગૃહોમાં લાવી તેના પ્રવચનો, વાર્તાલાપો ગોઠવી શકાય.

(૮) શૈક્ષણિક પ્રવાસોનું આયોજન.

(૯) નાના નાના વર્તુળમાં તેઓનું બુદ્ધિમાપન કસોટી, બાળ વાર્તાઓ, ઇતિહાસ કથન, વગેરેનું આયોજન થઇ શકે.

(૧૦) વાસ્તવમાં પ્રવર્તી રહેલી સ્થિતિનું બયાન ઓથોરીટી કે ગર્વમેન્ટ સમક્ષ સ્વૈચ્છિક સંસ્થાના માધ્યમથી થાય તો ઉપયોગી બની શકે.

(૧૧) સરકાર, ન્યાયતંત્ર, પોલીસતંત્ર તેમજ સ્વૈચ્છિક સંગઠનોના માધ્યમથી તેનું સંકલન તથા યોજનાના ઇચ્છિત પરિણામો વિશે સત મૂલ્યાંકન

(૧૨) જાગૃતિ પ્રેરક બાબતો માટે પ્રચાર માધ્યમોનો વિધાયક દૃષ્ટિકોણથી ઉપયોગ તેમજ બાળકોને ઉપયોગી એવા ચિત્રો, ચલચિત્રો, સ્લાઇટ શો અને દૃશ્ય અને શ્રાવ્ય માધ્યમોથી જાણકારી આપી શકાય.

***કલમ-૬૩ સંદર્ભે સ્વૈચ્છિક સંઘઠનાઓ કેવી રીતે શું ભાગ ભજવી શકે?***

(૧) સ્વૈચ્છિક સંગઠનો સાથે બાળ પોલીસ એકમની નિયમિત સમયાંતરે સંકલન બેઠકો.

(૨) સામાજિક પ્રવાહોની જાણકારી સ્વૈચ્છિક સંગઠન માધ્યમથી બાળ પોલીસ એકમનો મળી રહે.

(૩) પોલીસતંત્ર દ્વારા અપેક્ષિત સહકાર માટે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સામાજિક અગ્રણીઓની પોલીસતંત્ર સાથે વૈચારીક આપલે માટેની બેઠકો.

(૪) પોલીસતંત્ર સાથે મળી જાગૃતિ પ્રેરક કાર્યક્રમો.

(૫) ખાસ બાળ પોલીસ એ બાળ મિત્ર છે તેવી ભૂમિકા પ્રસ્થાપિત કરવી.

(૬) સ્વૈચ્છિક સંગઠનાઓના માધ્યમથી પોલીસતંત્ર સાથે સંકલન સાધી અને ખાસ કરીને જાગૃતિ પ્રેરક કાર્યક્રમો ઉપરાંત આવા બાળ અપરાધીઓની નિયમોની મર્યાદામાં પોલીસ સ્ટેશન મુલાકાતો વગેરે બાળકોને વધુ નજીક લાવશે.

(૭) પોલીસ અધિકારીઓ સાથે સમાજશાસ્ત્રીઓ, ન્યાયશાસ્ત્રીઓ, મનોચિકિત્સકો અને બાળ કલ્યાણના ક્ષેત્રે કાર્યરત વિવિધ તજજ્ઞોની બેઠકોનું આયોજન સ્વૈચ્છિક સંગઠનો દ્વારા થાય.

(૮) બાળકોના ક્ષેત્રે પુનઃસ્થાપન માટે ઉદ્યોગપતિઓ તેમજ શિક્ષણવિદો સાથે સ્વૈચ્છિક સંઘટનોના માધ્યમથી પોલીસતંત્ર સાથે બેઠક આયોજિત થાય.

(૯) રાજય અને કેન્દ્ર સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગની યોજનાઓનો લાભ સાચા લાભાર્થીઓને કેવી રીતે મળે તેનો વિચાર સતત થાય.

(૧૦) માનવ અધિકારની વિવિધ વ્યવસ્થાઓનું તટસ્થ મૂલ્યાંકન.

વધુ મહિલા અત્યાચાર સંદર્ભના કાયદાની માહિતી સાથે મળીએ આવતા અંકે...